**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**મહાનગર સેવા સદન,અમદાવાદ**

**એસ્ટેટ મધ્યસ્થ કચેરી**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એસ્ટેટ વિભાગમાં કોર્પોરેશનમાં જમીન સંપાદનની કામગીરી, ગણોતધારાની કામગીરી , રેકર્ડ ઓફ રાઇટસ ના કેસો તથા અન્ય મહેસુલી કામગીરીના જાણકાર નિવૃત્ત ડે. કલેકટર તથા મામલતદાર કક્ષાના અધિકારીશ્રીઓને ઉંમર ૬૨ વર્ષ થી ઓછી હોય તેવા યોગ્ય ઉમેદવારને ઉચ્ચક માસિક વેતન રૂા. ૨૫૩૦૦/- તથા સબ ઇન્સ્પેક્ટરને અપાતા વાહન ભથ્થાના ધોરણે ૧૫ દિવસ માટે વાહનભથ્થાથી ૧૧ માસના કરાર અધારીત નિમણુંક આપવા નીચે જણાવેલ તારીખે ,સમયે અને સ્થળે વોક ઇન ઇન્ટરવ્યુ રાખવામાં આવેલ છે.આથી લાયકાત ધરાવતા ઉમેદવારે પોતાના શૈક્ષણીક લાયકાત તથા અનુભવના અસલ પ્રમાણ પત્રો અને પ્રમાણપત્રોની નકલો સાથે તેમના નામ, સરનામું, ઉમંર ,શૈક્ષણીક લાયકાત તથા અનુભવની વિગતો દર્શાવતુ અરજીપત્ર નમુના મુજબ આ સાથે નીચે જણાવેલ સરનામે હાજર રહેવાનું જણાવવામાં આવે છે. અરજી પત્રકનો નમુનો તથા નિમણુંકની શરતો વેબસાઇટ www.ahmedabadcity.gov.in પર મુકવામાં આવેલ છે. જે કાળજીપૂર્વક વંચાણે લેવા વિનંતી છે.

**વોક ઇન ઇન્ટવ્યુની તારીખ. ૧૧ /૦૭/૨૦૨૩ અને સમયઃ- બપોરના ૧૨.૦૦ કલાકે .**

**સ્થળઃ- ડે.મ્યુનિ. કમિશનરશ્રી(એસ્ટેટ)ની કચેરી,**
**સી બ્લોક, બીજો માળ,અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન,**
**દાણાપીઠ, અમદાવાદ.-૦૧**

**સહી**

**ડે.મ્યુનિ. કમિશનર(એસ્ટેટ)**

## <u>નિવૃત્ત મામલતદારની કરાર આધારિત નિમણુંકની શરતો</u>

૧. અરજદારે અરજી ફોર્મ સાથે લાયકાત તથા અનુભવના તમામ પ્રમાણપત્રની પ્રમાણીત નકલ જોડવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ જોડેલ નહી હોય તો તેવી અરજી રદ ગણવામાં આવશે તેમજ અરજી ફોર્મ ભર્યા બાદ અરજીમાં દર્શાવેલ વિગતોના તથા અરજી સાથે જોડેલ પ્રમાણપત્રના અસલ પુરાવા રજૂ નહીં કરે તો અત્રેની ઓફીસેથી લીધેલ નિર્ણય છેલ્લો ગણાશે, તે અંગે ઉમેદવારનો કોઇ હક્ક દાવો રહેશે નહીં.

૨. આ જગ્યાની ભરતી પ્રકીયાનાં અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ખાતાના સક્ષમ સત્તાધિકારીશ્રીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને સક્ષમ સત્તાધિકારીશ્રી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

૩. સીલેકટ થયેલ ઉમેદવારની નિમણૂંક ૧૧ માસ માટે રહેશે. કરાર પૂર્ણ થતાં જો કર્મચારીની કામગીરી સંતોષકારક હશે તો ૧ દિવસનો બ્રેક આપી તેનો કરાર રીન્યુ કરવામાં આવશે.

૪. સીલેકટ થયેલ ઉમેદવારે એસ્ટેટ મધ્યસ્થ કચેરીના વખતો વખત નક્કી થતા ધારાધોરણો પ્રમાણે કામગીરી કરવાની રહેશે.

૫. પસંદ થયેલ ઉમેદવારોએ નિમણૂંક અગાઉ એસ્ટેટ મધ્યસ્થ કચેરી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે કરાર કરવાનો રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે કોઇ હકકદાવો રહેશે નહીં..

૬. ઉપરની જગ્યા માટે જે તે તબકકે કોઇપણ પ્રકારનું રાજકીય કે સંસ્થાકીય દબાણ કરવામાં આવશે તો તેઓની નિમણુક રદ કરવામાં આવશે.

૭. કામગીરીની સમીક્ષાના આધારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઉચ્ચક માસીક વેતનમાં સુધારા વધારા કરી શકશે.

૮. પસંદગી પામેલ ઉમેદવાર સક્ષમ સત્તાધિકારીશ્રી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

૯. ઉમેદવારની આવેલ અરજીઓમાં કંઇ પણ ક્ષતી અથવા ખોટું કરેલ હોય તેવું જણાશે તો પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવશે નહીં.

૧૦. ઉમેદવારની નિમણૂંક અંગે રાજય સરકાર અથવા કેન્દ્ર સરકાર દ્વારા જે સુધારો સુચવવામાં આવે તો તે મુજબ સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજૂરીથી તેમાં સુધારો કરવામાં આવશે.

# નિવૃત્ત મામલતદારની કરાર આધારીત નિમણુંકનું અરજી પત્રક

પાસપોર્ટ સાઇટનો ફોટો

૧. અરજદારનુ પૂરું નામ ______

૨. અરજદારનું હાલનું સરનામું ______

૩. અરજદારનું કાયમી સરનામું ______

૪. જન્મ તારીખ ______ ઉંમર ______ જન્મ સ્થળ ______

૫. મોબાઈલ નંબર ______ ટેલીફોન નંબર. ______

૬. મેઈલ આઈ.ડી. ______

૭. શૈક્ષણિક લાયકાત ______

૮. (એ) કામના અનુભવની વિગતો

| અં.નં. | સંસ્થા અને વિભાગનું નામ | હોદ્દો | કામનો પ્રકાર | સમય ગાળો | ટોટલ કામનો અનુભવ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | દિવસ | માસ | વર્ષ |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

(બી) કામગીરી/અનુભવનું વર્ણન(૧૦૦ કે તેનાથી વધુ શબ્દોમાં)

૯ (એ) નોકરી દરમ્યાન ખાતાકીય તપાસ /કોઈ શિક્ષાત્મક કાર્યવાહી થયેલ છે ? હા/ના.

(બી) હા તો તેની વિગત. ______________________________________________

______________________________________________

______________________________________________

સ્થળ ____________________

તારીખ____________________ અરજદારની સહી ____________________

---

## બિડાણ

| અ.નં. | પ્રમાણપત્રો(સ્વ.પ્રમાણિત કરવાનો રહેશે) | પાના નંબર |
|---|---|---|
| ૧. | જન્મનું પ્રમાણ પત્ર(જન્મનો દાખલો અથવા સ્કુલ લિવીંગ સર્ટીફિકેટ) | |
| ૨. | શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર | |
| ૩. | મામલતદાર તરીકે નિમણુંક પત્ર / બઢતી પત્ર | |
| ૪. | નિવૃત્ત અંગેનો પત્ર | |
| ૫. | છેલ્લી પગાર સ્લીપ | |
| ૬. | આધાર કાર્ડની નકલ | |
| ૭. | રહેઠાણનો પુરાવો(માન્ય) | |